# પ્રોટોકોલ-પાસ વ્યવસ્થામાં અચાનક ફેરફારથી મોદીના કાર્યક્રમમાં સમસ્યા

**એરપોર્ટ પર** પરંપરાગત રાજકીય સ્વાગત ગાયબ, સાંસદ-ધારાસભ્યોના પાસ બદલાયા

સુરતઃ સામાન્ય રીતે વડાપ્રધાન આવે ત્યારે મુખ્યમંત્રી, સ્થાનિક મેયર તેમજ તે વિસ્તારના કેન્દ્રીય મંત્રી દ્વારા એરપોર્ટ પર સ્વાગત કરવામાં આવતું હોય છે. પરંતુ આજે મોદીનું એરપોર્ટ પર સ્વાગત રાજ્યના ચીફ સેક્રેટરી અને અન્ય ત્રણ વરિષ્ઠ અધિકારીઓએ કર્યું હતું. મુખ્યમંત્રી, મેયર સહિતના રાજકીય આગેવાનો બાદમાં મોદીને ટર્મિનલ વિસ્તારમાં મળ્યા હતા. બીજી તરફ ઇનડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં પણ સુરતના સાંસદો અને તમામ ધારાસભ્યો માટે અગાઉથી તૈયાર કરાયેલા સ્ટેજના પ્રવેશ પાસ પરત માંગીને બપોર બાદ નવા પાસ ઈસ્યુ કરાયા હતા. આ ફેરફાર પાછળનું કારણ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું ન હતું.

### મનપાના પદાધિકારીઓને જગ્યા માટે ફાંફાં: સંગીતા પાટીલને બે વખત ઉઠાડ્યા

ઇનડોર સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમમાં સિટિંગ કેપેસિટી કરતાં વધુ લોકો આવી જતાં ભારે અરાજકતા સર્જાઈ હતી. પબ્લિક વધી જવાથી સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓને જ બેસવાની જગ્યા માટે ફાંફાં મારવા પડ્યા હતા. આ ભીડભાડ અને અવ્યવસ્થા વચ્ચે ધારાસભ્યોને બેસવા માટે પણ ભારે આફત પડી હતી, જેમાં ધારાસભ્ય સંગીતા પાટીલને બે વખત બેઠક પરથી ઊઠાડવાની નોબત આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### ટોટલ ઇકો ફ્રેન્ડલી આયોજનનો છેદ ઊડ્યો પાણીની બોટલો રઝળતી દેખાઈ



ઇનડોર સ્ટેડિયમમાં વડાપ્રધાનના કાર્યક્રમને સંપૂર્ણ ઇકો-ફ્રેન્ડલી બનાવવાની મોટી-મોટી વાતો કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતામાં આ દાવાઓનો છેદ ઊડી ગયો હતો. કાર્યક્રમ દરમિયાન સ્ટેડિયમમાં અનેક જગ્યાએ પ્લાસ્ટિકની પાણીની બોટલો રઝળતી નજરે પડી હતી. કડક સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં આ પ્લાસ્ટિકની બોટલો અંદર કેવી રીતે પ્રવેશી? જેના કારણે ઇકો-ફ્રેન્ડલી આયોજનનો ફિયાસ્કો થયો હતો.

# સાઇકલ, ઇ-વાહન અને પગપાળા લોકોથી રસ્તા જાણે 'ઇકો ફ્રેન્ડલી' બની ગયા

**મોદીનાં** ચિત્રો અને પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથેના પોટ્રેઇટ લઈને આવેલા શહેરીજનોથી ઇનડોર ઊભરાયું

સુરતઃ સુરતીઓએ જાણે વડાપ્રધાનના ઇકો ફ્રેન્ડી સ્વાગત કરવાનું નક્કી કરી લીધું હોય તેમ આજે સભા સ્થળ ઇનડોર સ્ટેડિયમ તરફ જતા રસ્તાઓ સાઇકલ સવારો, ઇ-વાહનો અને પગપાળા જતા થોકબંધ લોકોથી ઊભરાયા હતા.

શુક્રવારે વડાપ્રધાનના કાર્યક્રમ વખતે રસ્તા અને સુરત જાણે ઇકો ફ્રેન્ડલી બની ગયા હોય તેવી પ્રતીતિ થઇ હતી. નેતાઓ પોતાના સમર્થકો સાથે સાઇકલ રેલી, ઇ-વાહનો અને પદયાત્રા કરીને આવ્યા હતા. તો શહેરીજનો પણ પોતપોતાનાં ગ્રુપ સાથે પદયાત્રા અને સાઇકલ રેલીઓ સાથે આવી પહોંચ્યા હતા. ઘણા પ્રશંસકો મોદીનાં ચિત્રો બનાવીને સાથે લાવ્યા હતા. તો અસંખ્ય લોકો પર્યાવરણ જાગૃતિનાં પોટ્રેટ અને પ્લે કાર્ડ સાથે આવ્યા હોવાથી ઇનડોર સ્ટેડિયમમાં પર્યાવરણ જાગૃતિનો યજ્ઞ મંડાયો હોય તેવી સ્થિતિ જોવા મળી હતી.

### સભામાં આવવા મનપાએ 1000 સાઇકલ ફાળવી, પણ પરત જવા રિક્ષા કરવી પડી

સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને ટોટલી ઇકો ફ્રેન્ડલી બનાવવાની જાહેરાત થતાં સુરત મનપા દ્વારા આ સભામાં સાઇકલ પર આવવા માંગતા શહેરીજનો માટે 1000 સાઇકલો ફાળવી હતી. જો કે, આ માત્ર દેખાડો હોય તેમ વડાપ્રધાનનો કાર્યક્રમ પૂરો થયા બાદ સાઇકલ પર પરત ફરવા માંગતા લોકોને ઠેંગો મળ્યો હતો. એજન્સી દ્વારા ફાળવાયેલી સાઇકલ લોક કરી દેવાઇ હતી. અને સાઇકલ માત્ર આવવા માટે ફાળવાઇ હતી તેવું કહી પરત જવા અન્ય વ્યવસ્થા કરવા જણાવી દેવાયું હતું. તેથી નિરાશ થયેલા લોકોએ રિક્ષા કરીને કે અન્ય વિકલ્પથી પરત ફરવું પડ્યું હતું.

### મોદીએ સદ્. પૂર્વ મેયર કનુ માવાણીને પોતાના અનન્ય સાથી ગણાવી અંજલિ પણ આપી

મોદીએ તાજેતરમાં સુરતના પૂર્વ મેયર કનુભાઈ માવાણીના થયેલા નિધનને ઉલ્લેખની કહ્યું હતું કે, થોડા દિવસ પહેલાં જ મારા એક અનન્ય સાથી જેની સાથે મેં વર્ષો સુધી કામ કર્યું અને જીવનની અંતિમ પળ સુધી કાર્યરત રહ્યા એવા કનુભાઈ માવાણીને અંજલિ આપું છું. એક સાથી ગુમાવ્યાનું દર્દ સ્વભાવિક છે. આજે સુરત આવ્યો છું ત્યારે તેમના પૂણ્ય સ્મરણ સાથે મારી વાત આગળ વધારું છું.

### આખી રાત જાગીને બનાવેલી ભારતના નક્શાની પ્રતિકૃતિ સાથે યુવતી સભામાં આવી



વડાપ્રધાનના કાર્યક્રમમાં અનેક લોકો દ્વારા અલગ અલગ પોસ્ટર્સ પણ લાવવામાં આવ્યાં હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં આવેલી યુવતી ઈશિતાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ કાર્યક્રમમાં ભારતના નકશાવાળું પ્રતિકૃતિ બનાવીને આવવાનો વિચાર મને મારા કાકી તરફથી આપવામાં આવ્યો હતો. ઈશિતાએ વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે જ મારી પાસે મેસેજ આવ્યો કે આ પ્રકારનું કંઈક બનાવવાનું છે, અને મેં રાતોરાત મહેનત કરીને આજે સવાર સુધીમાં આ પ્રતિકૃતિ તૈયાર કરી દીધી છે. દેશના વડાપ્રધાન આપણા શહેરમાં આવ્યા તેનો મને ખૂબ જ આનંદ અને ગર્વ છે.

### પ્રજાને વિશ્વાસ છે, મોદી છે તો દેશ સુરક્ષિત છે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આજના વૈશ્વિક પડકારો અને અનિશ્ચિતતાઓ વચ્ચે દેશના નાગરિકોને વિશ્વાસ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નેતૃત્વ દેશને સુરક્ષિત અને સશક્ત બનાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે દેશને આત્મનિર્ભર બનાવવા માટે પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડીને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવાથી ખેડૂતોની આવક વધશે.

### મોદીનું સુરત પર ઋણ અને સુરતીઓ સાથે અનોખો પ્રેમ છે : સી.આર. પાટીલ



કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સુરત શહેર પર વિશેષ ઋણ છે અને તેમને સુરત તથા સુરતવાસીઓ પ્રત્યે અનોખો પ્રેમ રહ્યો છે. તેમણે ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપેઈને યાદ કરતાં જણાવ્યું હતું કે સુરતની મુલાકાત દરમિયાન અટલજીએ એક વખત કહ્યું હતું કે ભવિષ્યનું વિશ્વયુદ્ધ પાણી માટે થઈ શકે છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ પાણીની સમસ્યાના કાયમી ઉકેલ તરફ આગળ વધી રહ્યો છે.

### વડાપ્રધાન જ્યાં જાય ત્યાં અબજોના વિકાસની ભેટ લઈ જાય છે: હર્ષ સંઘવી



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સુરતવાસીઓ વચ્ચે વિશેષ લાગણીસભર સંબંધ રહ્યો છે. તેમણે કહ્યું કે મોદી જ્યાં પણ જાય છે ત્યાં વિકાસની ભેટ લઈને જાય છે અને આજે પણ તેઓ દક્ષિણ ગુજરાત માટે રૂ.18,000 કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ લઈને આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પર્યાવરણ પ્રત્યેના વિશેષ લગાવને ધ્યાનમાં રાખીને સુરતવાસીઓએ પણ તેમના સ્વાગત માટે સંપૂર્ણ ઈકો-ફ્રેન્ડલી આયોજન કર્યું છે. દેશના ઇતિહાસમાં પ્રથમ વખત સુરતમાં સંપૂર્ણ ગ્રીન પ્રોટોકોલના પાલન સાથે આ પ્રકારનો જાહેર કાર્યક્રમ યોજાયો છે. સુરતની પ્રજાએ પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વિવિધ ગ્રીન પહેલ દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કર્યું છે. આ ઉપરાંત સુરત મહાનગર પાલિકા દ્વારા અમલમાં મુકાયેલા વિવિધ ગ્રીન પ્રોજેક્ટ્સનો પણ તેમણે ચિતાર આપ્યો હતો.

### મોદી સરકારનાં 12 વર્ષ પૂર્ણ થતાં સુરતવાસીઓએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનનાં 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે ઇનડોર સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો સુરતવાસીઓએ ઊભા રહીને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. તાળીઓના ગડગડાટ વચ્ચે વડાપ્રધાનને શુભેચ્છાઓ પાઠવી તેમની આગેવાની હેઠળ દેશે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓને વધાવી હતી.

# મોદીએ સુરતમાં 220 બેડની ESIC હોસ્પિ.નું ડિજિટલી લોકાર્પણ કર્યું

**સિવિલ** ચાર રસ્તા ખાતે નિર્મિત હોસ્પિ. થી 3.20 લાખથી વધુ વીમાધારકો-તેમના પરિવારોને લાભ મળશે

સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સિંગ મારફતે સુરતના સિવિલ ચાર રસ્તા વિસ્તારમાં નવનિર્મિત 200 બેડની કર્મચારી રાજ્ય વીમા નિગમ (ઈએસઆઈસી) હોસ્પિટલનું ડિજિટલ લોકાર્પણ કર્યું હતું. અંદાજે 8.60 એકર વિસ્તારમાં ફેલાયેલી આ આધુનિક હોસ્પિટલથી વિસ્તારના 3.20 લાખથી વધુ વીમાધારક કર્મચારીઓ અને તેમના પરિવારજનોને સીધો લાભ મળશે. આ પ્રસંગે પ્રાદેશિક નિયામક હેમંતકુમાર પાંડેએ ઉપસ્થિત મહાનુભાવો અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જ્યારે હોસ્પિટલના ડેપ્યુટી મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ (ડીએમએસ) ડો.નીલિમા અગ્રવાલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.



### શ્રમિકોનું સન્માન અને લાભાર્થીઓને રોકડ સહાય કરાઈ

હોસ્પિટલ પરિસરમાં યોજાયેલા સમારોહની શરૂઆત ડીન ડો.વિનિતી ભાટિયાનીના સ્વાગત પ્રવચનથી થઈ હતી. આ દરમિયાન ઈએસઆઈસીના મહાનિર્દેશક અશોકકુમાર સિંહે વિવિધ નોકરીદાતાઓને સન્માનિત કર્યા હતા. વેસ્ટ ઝોનના વીમા કમિશનર રામજીલાલ મીણાએ પાંચ ઈએસઆઈસી લાભાર્થીઓને રોકડ સહિત લાભનું વિતરણ કર્યું હતું. ઉપરાંત મુખ્યાલયના ઇન્શ્યોરન્સ કમિશનર રત્નેશકુમાર ગૌતમે હોસ્પિટલના નિર્માણ કાર્યમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા 10 બાંધકામ શ્રમિકોનું વિશેષ સન્માન કરી તેમની મહેનતને બિરદાવી હતી.

## ટ્રકચોરીનો ક્લેમ નકારનાર વીમા કંપનીને કોર્ટની ફટકાર

**પલસાણા** પાસેની હોટલનાં કંપાઉન્ડમાંથી ચોરાઈ હતી

સુરતઃ ચોરી થયેલી ટ્રકનો ક્લેમ નકારનાર વીમા કંપની સામે ટ્રક માલિકે કરેલી ફરિયાદમા સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને વીમા કંપની વિરુદ્ધ હુકમ કરી ૧૮,૬૫,૫૦૦માંથી ૨૫ ટકા રકમ બાદ કરીને આઠ ટકા વ્યાજ સહિત ચુકવવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી હતી કે હજીરાનાં ફરિયાદી અશ્વિનભાઈ પટેલની માલિકીની ટ્રક ડ્રાઈવર રવિન્દ્ર ગામીત તા. ૫-૪-૨૦૧૭ના રોજ કોલસો ભરીને લઈ જઈ પલસાણા રીલીફ હોટલ પાસે ખાલી કરી રીલીફ હોટલના કમ્પાઉન્ડમાં ટ્રક પાર્ક કરી ડ્રાઈવર નાહવા ગયો હતો. જ્યાંથી ટ્રક ચોરાઈ ગઈ હતી. આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ હતી. ત્યારબાદ ફરિયાદીએ રુપીયા ૧૮,૬૫,૫૦૦ની રકમનો ક્લેઈમ વીમા કંપનીમાં કર્યો હતો. વીમા કંપનીએ પોલીસ ફરિયાદ અને કંપનીને મોડી જાણ કરી હોવાનું કારણ આપી ક્લેઈમ નામંજૂર કર્યો હતો. જેથી ટ્રક માલિકે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં વીમા કંપની સામે વકીલ મારફતે ફરિયાદ કરી હતી.

બંન્ને પક્ષની દલીલો-રજુઆત સાંભળ્યા બાદ ગ્રાહક તકરાર નિવારણ કમિશને ફરિયાદીની ફરિયાદ અંશત મંજૂર રાખી વીમા કંપનીને ક્લેઈમની રકમમાંથી ૨૫ ટકા બાદ કરી બાકીની રકમ વ્યાજ સાથે ૩૦ દિવસમાં ફરિયાદીને ચુકવી દેવા હુકમ કર્યો હતો.

## ફ્લાઈંગ રાણી ટ્રેન હવે ઉમરગામ પણ ઊભી રહેશે

વલસાડઃ વલસાડ જિલ્લાના ઉમરગામ રેલવે સ્ટેશન પર ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ મંજૂર થતાં મુસાફરોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. સાંસદ ધવલભાઈ પટેલના પ્રયાસથી અને નવી દિલ્હીમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે સ્ટોપેજ મુદ્દે રૂબરૂ મુલાકાત બાદ રેલવે દ્વારા સ્ટોપેજ અપાયું છે. દૈનિક મુસાફરી કરતા નોકરિયાત વર્ગ અને વેપારીઓના સમય અને નાણાંની મોટી બચત થશે. ઉમરગામ-સંજાણ વિસ્તારના હજારો શ્રમિકો, અપડાઉન કરતા મુસાફરો દ્વારા લાંબા સમયથી આ ટ્રેન સ્ટોપેજ માટે માંગણી કરવામાં આવી રહી હતી. ઔદ્યોગિક વસાહત ધરાવતા ઉમરગામ તાલુકા અને સંજાણ વિસ્તારમાં દિનપ્રતિદિન ઉદ્યોગો અને વસ્તીનો વ્યાપ વધી રહ્યો છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૧૦.૩૯ લાખના સામાનની ચોરી

**લોખંડની** પ્લેટો, બોલ્ટ અને વાઇસર ચોરાઇ ગયા

સુરતઃ સચીન વકતાણા ગામ નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ગડર ઉપરથી અજાણ્યા ચોર ઈસમો રેલ ફિટિંગ માટે રાખવામાં આવેલી લોખંડની પ્લેટો, બોલ્ટ અને વાઈસર સહિત કુલ ૧૦,૩૯,૬૮૦/- ની મત્તા ચોરી કરી રફુચક્કર થઈ ગયા છે. આ અંગે સચીન પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઝારખંડના રાંચી જિલ્લાના રહેવાસી અને હાલમાં ભીમરાડ ગામ, અલથાણ ખાતે આવેલી સિદ્ધિ એલિપ્સમાં રહેતા 45 વર્ષીય દેવેન્દ્રકુમાર દીલેશ્વર શાહુ, બુલેટ ટ્રેન ટ્રેકનું કામ કરતી IRCON International Limitedમાં ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે ફરજ બજાવે છે. વાપીથી વડોદરા સુધીના બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામકાજ અને સરકારી પ્રક્રિયાઓની દેખરેખની જવાબદારી તેમની પાસે છે.

ગત 21 મેના રોજ સવારે કંપનીના જનરલ મેનેજર અનિરુદ્ધસિંહે તેમને ફોન કરીને સચીન-વક્તાણા ગામ નજીક ડાઉન લાઇન ચેનલ નં. 258 તથા પીલર નં. 29 અને 30 વચ્ચે આવેલા ગર્ડર પાસે ચોરી થયાની જાણ કરી હતી. જાણ થતાં દેવેન્દ્રકુમાર શાહુ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં ડેપ્યુટી મેનેજર (સેફ્ટી) કૌશલ પ્રસાદ અને અન્ય અધિકારીઓ સાથે તપાસ કરતાં ટ્રેક ફિટિંગ માટેનો મહત્વનો સામાન ગાયબ હોવાનું બહાર આવ્યું હતું.

ચોરી થયેલા સામાનમાં 225 ઈ-રેલ ફાસ્ટનિંગ સ્ટીલ પ્લેટ, 450 લોખંડના બોલ્ટ, 450 જાપાની કંપનીના પ્લેન વાઈઝર, 450 કવર પ્લેટ વાઈઝર, 450 સ્પ્રિંગ વાઈઝર તેમજ 80 પ્લાસ્ટિક ઈન્સ્યુલેટર પ્લેટનો સમાવેશ થાય છે. ચોરી ગયેલા તમામ સામાનની કુલ કિંમત 10,39,680 હોવાનું જણાવાયું છે. પ્રાથમિક તપાસમાં તસ્કરોએ ગર્ડર પાસે આવેલી સીડીનો ઉપયોગ કરીને સામાન નીચે ઉતારી ચોરી કરી ગયા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. ઘટનાની જાણ ઉચ્ચ અધિકારીઓને કરાયા બાદ પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### કીમ રેલ સ્ટેશને યુવકોની બિયર પાર્ટીનો વિડીયો વાયરલ થયો

કીમઃ સુરત જિલ્લાના કીમ રેલવે સ્ટેશન પર કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જાહેર સ્થળે અને મુસાફરોની અવરજવર વચ્ચે બે યુવકો ખુલ્લેઆમ બિયર પીતા જોવા મળ્યા હતા. જે વિડીયો વાયરલ થયો હતો. કીમ રેલવે સ્ટેશનના પ્રવેશદ્વાર પર શુક્રવારના સવારે ૯ વાગ્યાના આસપાસ બે યુવકો ખુલ્લેઆમ બિયરનું સેવન કરતા જોવા મળ્યા હતા. સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર હોવા છતાં બંને યુવકો જાહેરમાં દારૂ પીતા નજરે પડ્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર બંને યુવકો પરપ્રાંતીય હોવાનું ચર્ચાઈ રહ્યું છે. રેલવે સ્ટેશન જેવી સંવેદનશીલ અને જાહેર જગ્યાએ આ પ્રકારની પ્રવૃત્તિ અનેક સવાલો ઊભા કરી રહી છે.

## વલસાડ રેલવેમાં ચોરી કરનારા ઘરના જ નીકળ્યાં

**ડુપ્લિકેટ** ચાવી બનાવી રવિવારની રજાએ જ ચોરીને અંજામ આપતા હતા

વલસાડ, સુરતઃ વલસાડ રેલવેમાં થયેલી ચોરીમાં કોઈ બહારની ગેંગ નહીં, પરંતુ રેલવે કોર્ટનો જ એક પટાવાળો અને લોકો શેડનો જ રેલવે કર્મચારી સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું હતું.

ગત ૩૦ માર્ચે વલસાડ ઈલેક્ટ્રિક શેડમાંથી કોપર અને બ્રાસના કિંમતી સામાનની ચોરી અંગે ગુનો નોંધાયો હતો. જેમાં પોલીસે મોઈન અશરફ બિલીમોરિયા (ઉં. ૩૦, રહે. ફાતિમા કોમ્પ્લેક્સ, સરકારી હોસ્પિટલ સામે, ધનભુરા રોડ, વલસાડ)ને ઝડપી પાડ્યો હતો. મોઈનની કડક પૂછપરછ દરમિયાન તેણે વલસાડ રેલવે લોકો શેડમાં જ વ્હીકલ ડ્રાઈવર (MLD-II) તરીકે ફરજ બજાવતા રેલવે કર્મચારી વસીમ મોહમ્મદ યાકુબ મન્સૂરી સાથે મળીને આ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે પોલીસે વસીમ મન્સૂરી (રહે. નવસર્જન સોસાયટી, બેચર રોડ, વલસાડ)ની પણ અટકાયત કરી હતી. બંને આરોપીઓની કબૂલાત મુજબ ફેબ્રુઆરી મહિનામાં એક ચાવી બનાવવાવાળાને લોકો શેડમાં લાવ્યા હતા અને સ્ટોર રૂમની ડુપ્લિકેટ ચાવી બનાવી લીધી હતી. ત્યારબાદ માર્ચ મહિનામાં રવિવાર અને રજાના દિવસો (૧, ૮ અને ૧૫ માર્ચ)નો લાભ ઉઠાવી, બપોરે ૧૨થી ૨ વાગ્યાના ગાળામાં એક્ટિવા લઈને સ્ટોર પર પહોંચતા હતાં. ડુપ્લિકેટ ચાવીથી સ્ટોર ખોલી, કોપર અને બ્રાસનો સામાન બોરામાં ભરી બહાર કાઢી લેતા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ફેમિલી ફિઝિશિયન એસો.નો 'બુઝુર્ગો કા હમસફર' કાર્યક્રમ યોજાયો



સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસો. ના લોકપ્રિય પ્રોજેક્ટ 'બુઝુર્ગો કા હમસફર 'અંતર્ગત સંગીતની સુરાવલી રેલાવતો કાર્યક્રમ સુરમયી સફરનું આયોજન તાજેતરમાં સિનિયર સિટીઝન હોલ ,ઈશિતા પાર્ક અડાજણ ખાતે યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ ડો.નવલ મોદીએ મહેમાનોને આવકાર્યા હતાં. સેક્રેટરી ભરત પસ્તાગીઆએ વીતેલા મહિનાની સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. ખજાનચી મહેશ ચાંપાનેરીઆએ સંસ્થાના સભ્યોને વર્ષગાંઠ નિમિત્તે સ્વાગત કરી ભેટ આપી હતી. એફપીએ સુરતના પ્રમુખ ડો. અજીત મહેશ્વરી તેમજ સેક્રેટરી ડો.મનસુખ ગટીવાલાએ હાજરી આપી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સુરમયી સફરના ડો.જયેશ તમાકુવાલા, ડો. દીપક અને પિંકી મોદી, ડો, દીપક અને ઈલા તોરાવાલા તેમજ ડો.જયેન્દ્ર અને પારુલ કાપડિયાએ ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. સંચાલન ડો. જયેન્દ્ર કાપડિયા તેમજ સંકલન ડો. દિપક તોરાવાલાએ કર્યું હતું. આભારવિધી ઉપપ્રમુખ વિનોદ મોદીએ કરી હતી.

### મોદીની અપીલને પગલે સચિનના ઉદ્યોગકારો કાર્યક્રમમાં ઇ-બસમાં પહોંચ્યા



સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત વિકસિત ગુજરાત અને ગ્રીન મોબિલિટી અંગેના વિઝન અંગે ઇનડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સચિન જીઆઇડીસીના હોદ્દેદારો, ડિરેક્ટર્સ તથા અગ્રણી ઉદ્યોગકારો ઇલેક્ટ્રોનિક બેટરીવાળી વિશેષ બસમાં કાર્યક્રમ સ્થળે પહોંચી વડાપ્રધાને કરેલી રાષ્ટ્ર જોગ અપીલને પગલે ડીઝલ-પેટ્રોલનો બચાવ કર્યો હતો. આ પ્રસંગે સચિન ઇન્ડસ્ટ્રિયલ કો.ઓપરેટિવ સોસાયટીના પ્રમુખ કિશોરભાઈ પટેલ, સેક્રેટરી મયૂર જે.ગોળવાલા, સચિન GIDC નોટિફાઇડ બોર્ડ ચેરમેન નિલેશ ગામી, પૂર્વ ચેરમેન મિતુલ મેહતા તથા અન્ય ડિરેક્ટર્સ અને ઉદ્યોગકારો ગૌરાંગ ચપટવાલા, ભીખુ નાકરાણી, પ્રવીણ રામાણી, જયસુખ આસોદરિયા, મુકેશ ચતુર્વેદી, જગદીશ કીકા ગણેશવાલા ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પાંડેસરા GIDC ખાતે 1,650 વૃક્ષનું વાવેતર



સુરતઃ 5 જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પાંડેસરા ઇન્ડસ્ટ્રિયલ એસોસિયેશન (PIA) દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના પ્રાદેશિક અધિકારી અરુણ પટેલ અને અગ્રણી ઉદ્યોગકાર જયંતીભાઈ કબૂતરવાલાની વિશેષ ઉપસ્થિતિમાં પાંડેસરા GIDC ખાતે ભવ્ય વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આશરે 1650 વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાંડેસરા ઇન્ડસ્ટ્રિયલ એસોસિયેશનના પ્રમુખ કમલવિજય તુલસિયાન, જિતેન્દ્ર વખારિયા, શ્યામભાઈ અગ્રવાલ, જે.પી.અગ્રવાલ, મહેશ કબૂતરવાલા, વિનિત જૈન, ભૂષણ જૈન, તેજસ કાપડિયા સહિત અગ્રણી ઉદ્યોગકારો, હોદ્દેદારો, સભ્યો તથા ઉદ્યોગ પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પરિસ્થિતિ બદલાય ત્યારે મનઃસ્થિતિને સ્થિર રાખો: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ દક્ષિણ મુંબઈના ઘાટકોપર સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન સંઘમાંવ આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ વૃંદનું આગમન થયું હતું. આ પાવન પ્રસંગે ધર્મસભાને સંબોધતા આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સંક્લેશ અને સંકટ એ તો જીવનનો ઘટનાક્રમ છે. તમારું ધાર્યું ન થાય ત્યારે માનવનું મન સંક્લેશગ્રસ્ત બને છે. સંક્લેશના વાતાવરણમાં શાંતિ રાખો, સંકટના વાતાવરણમાં ધીરજ રાખો. કોઈપણ સંકટ કાયમી હોતું નથી, પણ કામચલાઉ હોય છે. પરિસ્થિતિ બદલાય ત્યારે મન:સ્થિતિને સ્થિર રાખો. 'દુઃખનું ઔષધ દહાડા છે.' આ ગુજરાતી કહેવત આપણા જીવનમાં ઓક્સિજનનું કામ કરે છે. મેલેરિયાનો તાવ હોય તો ત્રણ-ચાર દિવસ હેરાન કરશે. ટાઈફોઈડનો તાવ હશે તો બે-ત્રણ અઠવાડિયા હેરાન થવું પડશે. કોરોના થયો હશે તો ત્રણ અઠવાડિયા ક્વોરેન્ટાઈન થવું પડશે. એ વખતે તમારે શાંતિથી સમયને સલામ કરવી પડશે.

### સમસ્ત જોગાણી પરિવાર સુરતનો સ્નેહમિલન સમારોહ યોજાયો

સુરતઃ સમસ્ત જોગાણી પરિવાર સુરતનો આઠમો સ્નેહમિલન, શિક્ષણ નિધિ, ઉપહાર કીટ વિતરણ સેતુ કાર્યક્રમનુ આયોજન તા. 31/5/2026 રવિવાર સાંજે પુષ્ટિ ફાર્મ કેનાલ રોડ કોસમાડા સુરત ખાતે યોજાયો હતો. જેમાં ઇન્ડિયન રેડ કોર્સ સોસાયટી રેડ કોર્સ રક્તદાન કેન્દ્રના માધ્યમથી જોગાણી પરિવારની બહેનો અને યુવાનોએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું. તેમજ ડાયાબિટીસ, બ્લડ પ્રેશરની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે સન્માનિત કરવામાં આવ્યા હતા. જોગાણી પરિવારના પ્રતાપ વિરપુર, કાળુભાઈ દેરડી, જાનબાઈ, રમેશ કેરાળા, નીતેશ કેરાળા, વાઘજી પાટી, જયંતિ આકડિયા, અશોક વીરડી, ઘનશ્યામ આકડિયા, મધુ ઢસા, હરેશ દાઢીયા, કિશોર માલદાર અમરાપુર, ધીરુ વિરપુર, મનસુખ પીપરડી, મધુ ધોબા, ભાઈલાલ અમરેલી, બાવચંદ કૃષ્ણગઢ, ભરત આકડિયા, લાલજી વેલ, રૂપેશ ખડખડ, કિશોર ખડખડ, ભૂમિકાબેન, જયેશભાઈ ઉપસ્થિતિ રહ્યાં હતા.

### લોખંડવાળા પ્રાથમિક શાળામાં 51 છોડનું રોપણ, જાગૃતિ રેલી યોજાઈ



સુરતઃ સુરતમાં એમ.એ.બી. સંચાલિત શ્રીમતી સવિતાબેન હિંમતલાલ લોખંડવાળા પ્રાથમિક વિભાગમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ગોસાઈ, આચાર્ય સંજયભાઈ જાદવ તથા સુપરવાઈઝર નિધિબેન લાકડાવાળાના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ અવસરે શાળા પરિસરમાં કુલ 51 છોડનું રોપણ કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના આશ્રમમાં નવો પ્રવેશ મેળવેલા 26 વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આચાર્યના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકોએ બેનરો અને સ્લોગન તૈયાર કરીને એક જાગૃતિ રેલીનું પણ આયોજન કર્યું હતું, કાર્યક્રમનું સંચાલન અને આયોજન શાળાના શિક્ષિકા મેઘનાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.